ગાંધીનગરસમાચાર

શહેરમાંથી ડેન્ગ્યુના 3 નવા કેસ મળ્યા

સવા બે માસથી વિખુટા પડેલા સાત વર્ષના બાળકનું માતા સાથે મિલન

ગાંધીનગર, તા. ૬

રાજસ્થાનમાં બોરજ વિસ્તારમાં રહેતો અને ધો. ૩માં અભ્યાસ કરતો ૭ વર્ષનો બાળક સવા બે મહિના પહેલા રમતમ રમતા એક ટ્રેઈનમાં ચઢી ગયો હતો ને ત્યારથી તે પરીવારથી વિખુડો પડી ગયો હતો. પેથાપુર ટાઉન વિસ્તારમાંથી અત્યંત ગભરાયેલી હાલતમાં મળી આવેલા આ બાળકને પોલીસે હાથમાં ઉંચક્યો ને પ્રમ-હુંફ આપતા-આપતા વાચ ચીત કરીને પરીવાર વિશે પુછવાનો પ્રયત્ન કર્યો પરંતુ પોલીસ નિષ્ફળ જતાં બાળ સંરક્ષણ ગૃહ સે. ૧૩ ખાતે બાળકને સોંપવામાં આવ્યો હતો.

રાજસ્થાનનો ધોરણ-૩માં અભ્યાસ કરતો બાળક રમતા-રમતા ટ્રેઈનમાં બેસી ગયો ને ટ્રેન ઉપડી જતાં ગાંધીનગર આવી પહોંચ્યો હતો : ગુગલ અને વોટ્સએપનો સહારો લઈને બાળ સંરક્ષણ ગૃહની ટીમે બે મહિનાની જહેમતો બાળકનો પરિવાર સાથે ભેટો કરાવ્યો : બાળકનો સ્કૂલ ડ્રેસ મહત્વની કડી બની

નિવૃત્ત આઈએએસ અધિકારી એચ.બી. વરીયા તથા બાળ સંરક્ષણ ગૃહના અધિક્ષક અમિતભાઈ આર. પટણીએ આ બાળકને તેના પરિવાર સુધી પહોંચાડવા પ્રયત્નો શરૂ કરી દીધા હતા. પ્રેમપૂર્વક બાળકને ગામનું નામ પુછ્યું તો તે મોસના...મોસના... કહેતો હતો. ગુગલ સર્ચ એન્જીનની મદદથી રાત-દિન 'મોસાના' શોધવાનો પ્રયાસ કર્યો પરંતુ કોઈ જ કડી મળી નહી...! બાળકે પહેરેલા કપડા સ્કૂલ ડ્રેસ જેવા દેખાતા હતા અને ઉપર દોલપુરા જિલ્લાનો ઉલ્લેખ હતો. જેથી દોલપુર સર્ચ કરતાં રાજસ્થાનનો વિસ્તાર હોવાનું ખુલ્યુ હતુ. સ્કૂલ ડ્રેસ સર્ચ કર્યા પરંતુ કડી ન મળી. એચ.બી. વરીયા મારફતે રાજસ્થાન પોલીસના રાજેન્દ્રભાઈનો સંપર્ક થયો ને તેમને સ્કૂલ ડ્રેસ અંગે પૃચ્છા કરવામાં આવી. તે જ સમયે બાળકને હૂંફ મળતા થોડો વધુ ખુલ્યો ને જવાબો આપવા લાગ્યો. ઘરની પાસે માર્બલનું કામ ચાલે છે.. જેસીબી મશીન ફરે છે... આવા સંકેતો આપવા લાગ્યો એટલે રાજસ્થાનના રાજેન્દ્રભાઈને આવો વિસ્તાર કયો તે પુછી ગામ શોધવા પ્રયત્ન કર્યો. તો બીજી તરફ 'મોસના'ને ભળતા નામો સર્ચ કરવાના ચાલુ રાખ્યા ત્યારે 'મોર્ચના' ગામ રાજસ્થાનનું હોવાનું સર્ચ લીસ્ટમાં આવ્યું...! રાજેન્દ્રભાઈને તે ગામમાં મોકલ્યાને બાળકનો ફોટો વોટ્સએપ કર્યો. રાજેન્દ્રભાઈએ ઘર શોધી નાંખ્યુ અને તેના ઘરે પહોંચી ગયા...! સવા બે મહિનાથી જે દિકરાને જોયો નથી તે દિકરાનો ફોટો મોબાઈલમાં લઈને આવેલા રાજેન્દ્રભાઈને જોઈ પરીવાર ચોંકી ગયું..!

સમગ્ર વાત સમજ્યા બાદ હાંસકારો થયો ને ક્ષણવારની પણ રાહ જોયા વીના માતાએ દિકરાને લેવા ગાંધીનગરની ગાડી પકડી લીધી હતી. આજે સવારે ગાંધીનગરના સે. ૧૩ બાળ સંરક્ષણ ગૃહમાં આવી પહોંચેલી માતા સૂર્યાબેન જીવાભાઈએ પોતાના દિકરા લક્ષ્મણને જોઈને બાથ ભરી લીધી.. આ દશ્ય જોઈને બાળ સંરક્ષણ ગૃહની ટીમનો સવા બે મહિનાનો થાક પળવારમાં ઉતરી ગયો હતો. સ્કૂલનો ડ્રેસ આ ટીમ માટે બાળકને પરિવાર સુધી પહોંચાડવામાં મહત્વની કડીરૂપ બન્યો હતો.

(તસવીર : દિપક જાની)

ફુટપાથના બેહાલ - ઝાડી-જાંખરાના આક્રમણ વચ્ચે ફૂટપાથ અસહાય બનીને ઉભી હોય એમ તસવીરમાં કલીત થાય છે... શહેરમાં કરોડોના ખર્ચે બનાવેલી ફુટપાથની કાળજી લેવાનું સાવ ભુલાઈ ગયું છે... કયો વિભાગ અને કયું સત્તાતંત્ર ફુટપાથની સાર-સંભાળ રાખશે એ હજુ અનિર્ણિત છે... ત્યારે એક તરફ વન વિભાગના વિસ્તારમાં ટ્રીમીંગ વગરના ઝાડી અને જાંખરા તો બીજી તરફ મહાનગરપાલિકાના સફાઈ તંત્ર બિચારી ફુટપાથને લાચાર સ્થિતિમાં મુક્યું છે... શહેરના રાજમાર્ગોની બંને બાજુ સુંદર બનાવેલી ફુટપાથની જો જાળવણી થાય તો રાહદારીઓ માટે પણ સાનુકૂળતા સર્જાશે... અને સુંદરતા પણ વધે...

વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષા ૩૦મીથી આરંભાશે

જિલ્લામાંથી ૧૧૭૦૦ વિદ્યાર્થીઓ કસોટી આપશે : નવરાત બાદ સેમેસ્ટર પરિક્ષાનુ આયોજન થતા વિદ્યાર્થીઓ તૈયારીમાં વ્યસ્ત

ગાંધીનગર તા ૬

ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષાનો પ્રારંભ આગામી તા ૩૦ ઓકટોબરથી થશે. સેમેસ્ટર પરિક્ષામાં જિલ્લાના ૧૧૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે. ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવનાર સેમેસ્ટર પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સ્કોવોર્ડની ટીમના ઓબઝર્વરને પણ જવાબદારી સોંપવામાં આવી છે.

શહેરમાં હાલ નવરાત પુર્વે શાળાકીય પરિક્ષા યોજવામાં આવી છે. જયારે નવરાત પહેલા શાળાકક્ષાની પરિક્ષા પુર્ણ કરી દેવાશે. જયારે નવરાત બાદ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષા યોજવામાં આવશે.તા ૩૦ ઓકટોબરથી પરિક્ષાનો પ્રારંભ થશે.સેમેસ્ટર ૧ ની પરિક્ષાનો સમય બપોરે ૩ થી ૫ કલાકનો રહેશે. જયારે સેમેસ્ટર ૩ ની પરિક્ષા સવારે ૧૦:૩૦ થી ૧ વાગ્યાનો રાખવામાં આવ્યો છે. વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૧ ની

● અનુસંધાન પાન-૭ પર

સે-૨૧ ક્રિકેટ મેદાનના નવિનીકરણ પાછળ ૨૫ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૬

સે- ૨૧ જીમખાના ક્રીકેટ મેદાનને અત્યાધિનિક અને સુવિધાસભર બનાવવાનુ કામ ટુંકમાં શરૂ કરાશે. જીમખાનાના ક્રીકેટ ગ્રાઉન્ડના રીનોવેશન માટે રૂ ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે વિભાગ દ્વારા ૫ કરોડના ખર્ચને વહીવટી મંજુરી અપાતા તંત્ર દ્વારા રિવાઈઝ દરખાસ્ત પણ રજુ કરવામાં આવી છે. ક્રીકેટ મેદાનને અનુલક્ષીને ખેલાડીઓ માટે થી ઈ કેટેગરીમાં બે મજલાના ફલોરનુ પણ નિર્માણ કરવામાં આવશે.

સે- ૨૧ જીમખાનાના ક્રિકેટ મેદાનને નવા રૂપરંગ આપવાની કાર્યયોજના તૈયાર થઈ ગઈ છે. જયારે જીમખાના મેદાનને અધ્યતન બનાવવા રૂ ૨૫ કરોડનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. વિભાગ દ્વારા આ મામલે રૂ ૫ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવી છે. જયારે વધુ રકમની ફાળવણી માટે તંત્ર કક્ષાએથી રીવાઈઝ દરખાસ્ત પણ રજુ કરવામાં આવી છે. મેદાનને અનુલક્ષી પાછળના વિસ્તારમાં સ્થિત બગીચાની ૬૬૦૦ ચો મી જગ્યાની પણ જરૂરિયાત હોવાથી આ જગ્યાની ઉપલબ્ધિ માટે પણ પ્રયાસો હાથ

● અનુસંધાન પાન-૭ પર

કલ્પના શક્તિ - બાળકોના આંતરિક વિકાસ માટે ચિત્ર સ્પર્ધા મહત્વની ભૂમિકા ભજવે છે... લાયન્સ ક્લબ દ્વારા નાણાવટી સ્કૂલ ખાતે 'વર્લ્ડ પીસ' વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું. **(તસવીર : કશ્યપ નિમાવત)**

શહેરમાંથી ડેન્ગ્યુના ૩ નવા કેસ મળ્યા

સેક્ટર- ૯ ના એરફોર્સ સ્ટાફ ક્વાર્ટર્સમાં ફોગીંગ કરાયું : ડેન્ગ્યુનો બિન સત્તાવાર આંક ૭૦

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો વધુ વકરી રહ્યો છે અને ડેન્ગ્યુના ત્રણ નવા કેસ સામે આવતાં શહેરના મેલેરિયા તંત્રએ પણ પોરાનાશક કામગીરીને અતિ સઘન બનાવી છે. શહેરમાં ડેન્ગ્યુ પોઝીટીવના કેસોની સંખ્યા ૨૦ થઈ છે.

સે. ૯માંથી બે અને એક કેસ ઈન્દ્રોડા ગામમાંથી મળી આવતાં મેલેરિયા તંત્રે હરકતમાં આવી પોરાનાશક કામગીરીને સઘન બનાવી છે. મળતી વિગતો પ્રમાણે સે. ૯માં આવેલ એરફોર્સ કોલોનીમાંથી મળેલ

● અનુસંધાન પાન-૭ પર

'એ મને હંમેશા યાદ રહેશે'નું ગૌરવશાળી વિમોચન

શ્રીમતી આનંદીબેન પટેલના શિક્ષકથી મુખ્યમંત્રી સુધીના સુદીર્ઘ કાર્યકાળ, ફરજનિષ્ઠામાં અનુભવેલા પ્રેરણાદાયી પ્રસંગો-ઘટનાઓનું સરળ - સહજ નિરૂપણ શબ્દ દેહે પ્રકાશિત થયું

ગાંધીનગર, તા.૬

મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જાહેર જીવનના કાર્યકર્તા પદાધિકારીઓને સ્વહિત નહીં સમજહિત માટે સેવારત રહીને છેવાડાના માનવી સુધી વિકાસના ફળો પહોંચાડવાની સંવેદનશીલતા દાખવવા આહવાન કર્યું છે. શ્રીમતી આનંદીબહેનના સંવેદનશીલ શિક્ષક અને જાહેર જીવનની સુદીર્ઘ કારકિર્દીના પ્રેરક અનુભવો-પ્રસંગોની સ્વાનુભૂતિના આલેખન એ મને હંમેશા યાદ રહેશે પુસ્તકનું આજે પાટનગર ગાંધીનગરમાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં સ્વામી અધ્યાત્મનંદજી અને સાહિત્યકાર ડૉ. ચંદ્રકાંત મહેતાના હસ્તે વિમોચન થયું હતું.

રન્નાદે પ્રકાશન દ્વારા પ્રકાશિત થયેલા આ પુસ્તકમાં મુખ્ય મંત્રીશ્રીએ ૩૫ પ્રકરણોમાં શિક્ષકથી મુખ્ય મંત્રી સુધીની જાહેર જીવનની સફળયાત્રાના પ્રેરક પ્રસંગો સહજ-સરળ ભાષામાં આલેખ્યા છે.

મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેને આ પુસ્તક પોતાના પિતા શ્રી જેઠાભાઈ અને માતા શ્રી મેનાબેન તથા વડીલ બહેન શ્રી સરિતાબેનને અર્પણ કર્યું છે.

તેમણે કહયું કે, સાચા પ્રજા સેવકમાં સૌને સરળતાથી મદદરૂપ થવાનો કોઈના જીવનમાં મુશ્કેલી નિવારવાનો અને જરૂરતમંદ સુધી કલ્યાણ યોજનાઓના લાભ પહોંચાડવાનો સેવાદાયિત્વ ભાવ અભિપ્રેત છે.

શ્રીમતી આનંદીબહેને પ્રેરણાદાયી વક્તવ્યમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, મૂલ્યનિષ્ઠા, કોઈપણ બાબતના મૂળમાં જઈને એના ઉકેલ માટે મથવાની ઉદ્યમશીલતાથી જ હાજા વર્ગોના દિલમાં જાહેરજીવનના કાર્યકર્તાનું આગવું સ્થાન ઉભું થાય છે.

સ્વામી આધ્યાત્માનંદજીએ વર્તમાન મુખ્ય મંત્રીને માતા ગણાવી પ્રકાશપુંજ, ઉર્જાવાન અને શક્તિશાળી મહિલાનું સન્માન આપ્યું હતું. તેમણે આર્શીવચન પાઠવતાં સમાજની વર્તમાન સ્થિતી પ્રત્યે અંગુલીનિર્દેશ કરતાં કહયું કે, ભણેલા લોકો આજે શુષ્ક છે તે વાતનું દુઃખ છે. સમાજને વધુને વધુ સંસ્કારી બનાવવો હશે તો સરકારની સાથે શિક્ષિત લોકોએ પણ જાગૃત થવું પડશે.

સાહિત્યકાર અને કટાર લેખક ડૉ. ચંદ્રકાંત મહેતાએ પુસ્તક વિમોચન પ્રસંગે જણાવ્યું હતું કે

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યના ખેડૂતોને ચાર કલાક પણ વીજ પુરવઠો મળતો નથી

અમદાવાદ, તા.૬

ગુજરાતના ખેડુતોને ૮ કલાકને બદલે ૧૦ કલાક વીજપુરવઠો ખેતીવાડી માટે આપવાની વાંરવારને જાહેરાતો છતાં આજે જ્યારે ખેડુતોના ઉભા પાકને પાણી આપવાની સખત જરૂરિયાત ઉભી થયેલ છે.ત્યારે રાજયના ખેડુતોને ૪ કે ૫ કલાક માંડ માંડ વીજપુરવઠો આપવામાં આવે છે અને તે પણ અપુરતા વોલ્ટેજથી જેના કારણે ખેડુતોની ઈલેક્ટ્રિક મોટરા વારંવાર બળી જાય છે.

ખેતીવાડીમાં વીજ પવારની માંગ વધતા ટ્રાન્સફોર્મરો બળી જાય છે તે અઠવાડિયા સુધી બદલી આપવામાં આવતા નથી. ક્યાંત તો બળી ગયેલ ટ્રાન્સફોર્મરોની જગ્યાએ પાછા બળી ગયેલ ટ્રાન્સફોર્મરો મૂકીન ખેડુતોની પરેશાનીમાં વીજતંત્ર વધારો કરેછે. હકીકતમાં સરકારે બળી ગયેલ ટ્રાન્સફોર્મરોને ૨૪ કલાકમાં બદલી આપવાની ગાઈ-વગાડીને જાહેરાર કરે છે પણ તેની અમલવારી ક્યાંય થતી નથી. અપુરતા વરસાદના કારણે ખેડુતો માટે સતત અને પુરા વોલ્ટેજથી પુરતા પ્રમાણમાં વીજ પાવરની જરૂરિયાત ઉભી થઈ છે.

વિસનગરા નાગર બેસણું

અમારા માતૃશ્રી **સવિતાબેન કનુભાઈ પંડ્યા**નું તા. ૫-૧૦-૨૦૧૫ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૮-૧૦-૨૦૧૫ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ૧૨૮૨/૧, સેક્ટર-૪સી, ગાંધીનગર

અંજનાબેન મુકેશકુમાર રાવલ
મનીષાબેન પ્રફુલ્લકુમાર ભટ્ટ
પારૂલબેન કૌશિકકુમાર પંડ્યા
હરેશભાઈ કનુભાઈ પંડ્યા
યેદેહિબેન હરેશભાઈ પંડ્યા
વેદાંત હરેશભાઈ પંડ્યા
શીવાંગી હરેશભાઈ પંડ્યા

નોંધ : પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.
સ્વ. હસમુખલાલ પુજાલાલ ભટ્ટ ● નરેન્દ્રભાઈ પુજાલાલ ભટ્ટ (ગાબટ)

તૃતિય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી

આપનાં કાર્યો... માર્ગદર્શક
આપનું જીવન... પ્રેરણાદાયી
આપનું નામ... અમર
આપ ધૂપસળી જેવું જીવીને
અમને સુવાસિત કરી ગયા.
એ સુવાસને અમે જાળવીશું, વધુ પ્રસરાવીશું.
હાર્દિક શ્રદ્ધાંજલી

સ્વ. કિશોરભાઈ લાલજીભાઈ નંદા (ચક્ષુદાતા)
સ્વર્ગવાસ તા. ૭-૧૦-૨૦૧૨

ગં.સ્વ. જયશ્રીબેન કિશોરભાઈ નંદા (પત્ની)
જયવદન કિશોરભાઈ નંદા (પુત્ર) ફાલ્ગુન કિશોરભાઈ નંદા (પુત્ર)
પ્લોટ નં. ૩૯૯/૨, સેક્ટર-૨ બી, ગાંધીનગર. મો. ૯૦૩૩૩ ૯૯૦૫૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

ગુજરાત ખાદી	૨૫ %	વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં	૨૫ %	વળતર
પરપ્રાંત ખાદી	૧૫ %	વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં	૧૫ %	વળતર
રેશમ ખાદી	૧૫ %	વળતર

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ

ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩

ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧



સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦
નોંધ : તા. ૧૧/૧૦/૨૦૧૫ને રવિવારના રોજ કેન્દ્ર ચાલુ રહેશે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com